# મોડાસામાં ચાર રસ્તા પાસે રામ મંદિર શિલાન્યાસની ભવ્ય ઉજવણી

## રામધૂન સાથે ફટાકડા ફોડ્યા, માલપુરમાં મીઠાઇ વહેંચી ઉજવણી





મોડાસા, તા. ૫

અયોધ્યામાં આજે કરાયેલ રામ મંદિર નિર્માણના ભૂમિપૂજનના પગલે અરવલ્લી જીલ્લામાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. જીલ્લામાં ઠેર ઠેર ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી હતી. ભગવાન શ્રી રામની આરતી ઉતારવામાં આવી હતી. રામભક્તો ઉત્સાહમાં ઝુમી ઉઠ્યા હતા. અરવલ્લી જીલ્લા પોલીસતંત્રે જીલ્લામાં રામ મંદિર શિલાન્યાસને લઈને સઘન પેટ્રોલિંગ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

અયોધ્યા રામમંદિર શિલાન્યાસને લઈને આખાય દેશમાં જશ્નનો માહોલ છવાયો છે. દેશ અને ગુજરાત રાજ્યમાં પણ રામ મંદિર શિલાન્યાસને લઈ દરેક વ્યક્તિ અને પક્ષ પોતાની રીતે ઉજવણી કરી રહ્યા છે ત્યારે મોડાસા શહેરના ચાર રસ્તા ખાતે નગરપાલિકા ટાઉન હોલ નજીક મોટી સંખ્યામાં વીએચપી, ભાજપ અને રામભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને રામધૂન સાથે 'જય શ્રી રામ' ના ગગનભેદી નારાઓ અને ફટાકડા ફોડી ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા ચાર રસ્તા પર મોટી સંખ્યામાં પોલીસ કાફલો તૈનાત કરી દીધો હતો, ઉજવણીના પગલે વાહનચાલકોને કોઈ તકલીફ ન પડે તેની પોલીસે ખાસ તકેદારી રાખી હતી. હિન્દુ યુવા વાહીની દ્વારા માલપુર ખાતે રામ મંદિર નિર્માણની ફટાકડાં ફોડી, મીઠાઈ ખવડાવી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રામ મંદિર નિર્માણ પ્રારંભે હિન્દુ યુવાવાહીની દ્વારા માલપુર હનુમાનજી મંદિર ખાતે રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર માલપુરનગર ભગવામય બન્યું હતુ. રામલલ્લાના મંદિરની ઉજવણીમાં હિન્દુ યુવાવાહીની માલપુર, બીજેપી યુવા મોરચાના કાર્યકરો જોડાયા હતા. મેઘરજ, બાયડ, ભિલોડા, ધનસુરા, શામળાજી સહીત ઠેર ઠેર રામભક્તોએ ઉજવણી કરી હતી.

# ડીસામાં રામ મંદિર ભૂમિ પૂજનના ભવ્ય વધામણાં



ડીસા, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભવ્ય રામમંદિર માટે ભૂમિપૂજન કરવામાં આવ્યું, જેને લઈને સમગ્ર દેશમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે, ત્યારે ડીસામાં પણ તેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ડીસાના સાંઈ મંદિર નજીકના સર્કલ ઉપર વિવિધ રંગોળી પુરવામાં આવી હતી. દીપ પ્રગટાવી તેમજ ફટાકડા ફોડવામાં આવ્યા, ભાવિકોના ઢોલ અને ડીજેના તાલે નાચગાનથી સમગ્ર માહોલ રામમય બની ગયો હતો. તેમજ જયશ્રી રામના નારા લગાવ્યા હતા ડીસા શહેરમાં ઐતહાસિક જલારામ મંદિર ટ્રસ્ટ દ્વારા પણ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હિન્દુવાદી ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવી મહાઆરતી કરી આજના ઐતહાસિક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જલારામ મંદિર ખાતે એકબીજાના મોંઢા મીઠા કરાવી અભિનંદન પાઠવ્યા હતા જ્યારે રામજી મંદિર ખાતે પણ રામમંદિર નિર્માણને લઈને સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને આતશબાજી કરી ૧૨.૩૯ મિનીટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચાંદીની ઈંટ મૂકી રામમંદિરનું શિલાયન્સ કરવામાં આવ્યું હતું જે બાદ સમગ્ર ડીસા શહેરના રસ્તાઓ ગલી ગલીએ રામમય માહોલ જોવા મળી રહ્યો છે. ધાર્મિક અને સામાજિક લોકોએ આ પળને અવસરમાં પલટી અને રામમંદિરના ભૂમિપૂજનના કાર્યક્રમને વધાવી લીધો હતો.

# પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી ઉત્સવ મનાવ્યો

## અયોધ્યા ખાતે યોજાઈ રહેલ રામ મંદિરના નિર્માણના શિલાન્યાસને પ્રાંતિજ સહિત તાલુકામાં દિવાળી જેવો માહોલ



પ્રાંતિજ, તા. ૫

અયોધ્યામાં વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રામ મંદિર નિર્માણની શિલાન્યાસ પ્રસંગને લઈને સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ભર બપોરે દિવાળી જેવો માહોલ જોવા મલ્યો હતો.

વર્ષો જુનું દેશનુ સ્વપ્ર આજે પુરૂ થવા જઈ રહ્યું છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા અયોધ્યા ખાતે શ્રી રામ મંદિરના નિર્માણ માટે સિલાયન્સ પ્રસંગ યોજાઈ રહ્યો છે, ત્યારે આજે સમગ્ર દેશના લોકોમાં ખુબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં લોકોએ આ પ્રસંગને ખુબ જ ઉત્સાહથી વધાવ્યો છે અને ભર બપોરે દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ અંબાજી ચોકમાં ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી ઉત્સવ મનાવવામા આવ્યો હતો. શ્રી અંબાજી મંદિર ખાતે પણ મંદિરમાં આરતી યોજાઈ હતી તો જય આખુંય વાતાવરણમાં જય શ્રી રામના નાદના નારાથી ગુંજી ઉઠ્યુ હતું.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, પ્રાંતિજ નગરપાલિકાના પૂર્વ રતિલાલ ટેકવાણી, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના કોર્પોરેટર દિપકભાઈ કડીયા, નગરપાલિકાના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી સહિતના કોર્પોરેટરો ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ફટાકડા ફોડી ઉત્સવ મનાવ્યો હતો. બીજી તરફ સેવાભાવી સંસ્થાઓ તેમજ સેવાભાવી લોકો તથા ધર્મપ્રેમી લોકો દ્વારા મંદિરમાં પૂજા-અર્ચના તેમજ શંખનાદ કરી આ ઘડીને વધાવી હતી.

પ્રાંતિજના રાસલોડ ખાતે પણ આવેલ શ્રી કષ્ટ ભંજન હનુમાન મંદિર ખાતે પણ મંદિરના વ્યવસ્થાપક રઈશભાઈ કસ્બાતી દ્વારા મંદિર સંકુલમાં ચારેય બાજુ દિવા કરવામાં આવ્યા હતા. મંદિરમાં બિરાજમાન શ્રી રામની આરતી પણ ઉતારવામાં આવી હતી. સમગ્ર મંદિર સંકુલમાં બપોરના સમયે પણ દિવડા પ્રગટાવવા આવતા આખુંય મંદિર સંકુલમાં દિવાળી જેવો માહોલ જોવા મલ્યો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ મંદિરના ટ્રસ્ટી યોગેશભાઈ રાવલ, સુનીલભાઈ કડીયા દ્વારા મંદિરમાં આરતીનું આયોજન કર્યું હતું અને જયશ્રી રામના નાદ સાથે સમગ્ર મંદિર પરિષદ ગુંજી ઉઠ્યુ હતું અને આખુય વાતાવરણ પવિત્રમય બની ગયું હતું અને શંખનાદ કરી આ ઘડીને વધાવી લીધી હતી.

# ધનસુરા ખાતે અયોધ્યામાં રામમંદિરના ભૂમિપૂજનની ઉજવણી કરાઈ હતી



ધનસુરા, તા. ૫

ધનસુરામાં અયોધ્યામાં રામમંદિરના ભૂમિપૂજનની ઉજવણી કરાઈ હતી. ધનસુરાના રામજી મંદિરમાં ૧૧૦૦ લાડુ ભગવાનને ચડાવવામાં આવ્યા હતા. સાથે ધનસુરા રામજી મંદિર ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાનની આરતી પણ કરવામાં આવી હતી. ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે રામ મંદિર બન્યા બાદ ધનસુરાથી પગપાળા ચાલીને અયોધ્યા જઈને ધજા ચડાવશું, ધનસુરા રામજી મંદિરમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા સાથે ધનસુરા ચાર રસ્તા ખાતે ભવ્ય આતશબાજી સાથે ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, સાબરડેરીના ડીરેક્ટર કાંતિભાઈ પટેલ, અનિલભાઈ પટેલ(વી.એચ.પી), ધનસુરા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, ધનસુરા તાલુકા ભાજપ પ્રમુખ જગદીશભાઈ, નરેન્દ્રભાઈ પટેલ, પ્રિતિબેન સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



મોડાસા નગરના બાલાજી મંદિરમાં શ્રાવણ માસમાં ખાસ દિવસોએ કલાત્મક હિંડોળાનું આયોજન કરાય છે. મંદિરમાં ભક્તો સેનેટાઈઝ થઈ સોશિયલ ડીસ્ટન્સ સાથે દર્શનનો લ્હાવો લેવા ધન્યતા અનુભવતા હોય છે. મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા સુંદર આયોજન કરાયું છે. આ કલાત્મક હિંડોળા દિલીપભાઈ ભાવસાર આબેહૂબ રીતે બનાવતા હોય છે.



**અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ થતા બાયડમાં ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવી**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આજરોજ રામ મંદિરના નિર્માણ માટે ભૂમિ પૂજન કરવામાં આવતા બાયડ બસ સ્ટેશન આગળ ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રનું રાષ્ટ્રીયસ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન



ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત અને મલા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત જીલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર અરવલ્લી દ્વારા સમાજમાં વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર હેતુ વિવિધ પ્રવૃતિ કરવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતાં થાય જીવનમાં વિજ્ઞાનને અનુભવે તે હેતુ રાષ્ટ્રીયકક્ષાની બાલવિજ્ઞાન કોંગ્રેસ દેશભરમાં યોજાય છે. અરવલ્લી જીલ્લા એનસીએસસીના સંયોજક તરીકે પ્રો. ડો શૈલેષ વી. પટેલ, સર પી.ટી. સાયસ કોલેજ મોડાસા હતા. જીલ્લાકક્ષાએ બાળકોને પ્રેરિત કરી માર્ગદર્શન આપી રાજ્યકક્ષાની હરીફાઈમાં જીલ્લાનાં ત્રણ પ્રોજેક્ટ નેશનલ માટે પસંદગી થયા હતા. એનસીએસસી હરિફાઈ ૨૪ ડિસેમ્બરે કેરળના તિરૂઅનંતપુરમાં નેશનલ લેવલે અરવલ્લી જીલ્લાની વિદ્યાર્થીનીનો પ્રોજેક્ટ દેશના આશાસ્પદ પ્રોજેક્ટમાં પસંદ થયો હતો. અરવલ્લી જીલ્લાનાં શ્રેષ્ઠ આયોજન બદલ કેળવણી મંડળના સેક્રેટરી સુરેન્દ્રભાઈ શાહે ગુજકોસ્ટ ગાંધીનગર વતી પ્રોત્સાહન ચેક આપી પ્રો. ડો. શૈલેષ વી. પટેલનું સન્માન કર્યું હતું. જીલ્લાને સફળતા અપાવવા બદલ મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, કોલેજના ડો. કે. પી. પટેલે અભિનંદન વર્ષા કરી હતી.



અયોધ્યામાં શ્રી રામ મંદિરના ઐતિહાસિક શિલાન્યાસ નિમિત્તે ભિલોડામાં શ્રી વૈજનાથ મહાદેવ મંદિર પરીસરમાં શ્રી રામજી મંદિરમાં જન્મોત્સવ સમિતિ અને રામભક્તો ધ્વારા સમુહ આરતીનો કાર્યક્રમ યોજાયો હતો.ભાવિક ભક્તોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી. અયોધ્યામાં મર્યાદા પુરૂષોત્તમ રામ જન્મ ભુમિમાં શ્રી રામ મંદિરનું નિર્માણ, ભુમિ પુજનના ઐતિહાસિક દિવસે ભિલોડામાં હાથમતી નદી કિનારે શ્રી રામજી મંદિરમાં ભગવાનનું પુજન, અર્ચન અને સમુહ આરતીનો કાર્યક્રમ રામ ભક્તો ધ્વારા યોજાયો હતો. જય જય શ્રી રામનો ગગનભેદી નારો ગુંજતો હતો. ભક્તો ધ્વારા મીઠાઈની વહેંચણી કરાઈ હતી. યુવાનો ધ્વારા ફટાકડાની આતશબાજી કરાઈ હતી. અયોધ્યામાં રામ મંદિરના ભુમિ પુજનનો કાર્યક્રમ અન્વયે ભિલોડા તાલુકામાં આનંદની લાગણી પ્રસરી હતી.

# મોડાસામાં પવન સાથે મેઘરાજાનું આગમન થતા ખેતીને જીવતદાન

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ રીસામણા લીધા હોય તેમ મેઘમહેરથી જીલ્લો વંચિત રહ્યો છે. જીલ્લામાં વરસાદ ખેંચાતાં મગફળી-કપાસ, સોયાબીન સહિત લાખ્ખો હેકટરના વાવેતર સામે ખતરો ઉભો થયો છે. સારા ઉત્પાદનની આશાએ દવા-બિયારણ- ખાતર પાછળ લાખોનો ખર્ચો વેઠનાર ખેડૂતોની આશા ઠગારી નિવડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હાલમાં જગતનો તાત વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યો છે. જો આગામી દિવસોમાં હજુ પણ વરસાદ ખેંચાશે તો ખેડૂતોએ મોટુ આર્થિક નુકશાન સહન કરવું પડશે. મોડાસા તાલુકામાં આજ દિન સુધીમાં માત્ર ૧૧ જેટલો ઈંચ વરસાદ નોંધાયો છે.



બુધવારે બપોરે મોડાસા પંથકમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટું પડતા ખેતીને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો. મેઘરાજાના વિરામથી અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો ત્રાહિમામ પોકોરી ઉઠ્યા હતા ત્યારે વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા પંથકમાં વરસાદનું આગમન થતા ખેડૂતો અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ભારે પવન સાથે ધોધમાર વરસાદી ઝાપટાથી જીલ્લામાં વરસાદી માહોલ જામવાના અણસાર જોવા મળતાં ભૂમિપુત્રો આશાવાદી બન્યા છે.

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા તાલુકામાં ચાલુ વર્ષે વરસાદના આગમન સાથે જ સારા ચોમાસાની આશાએ ખેડૂતોએ મોટાપાયે મગફળી, કપા, સોયાબીન, તુવેર, મકાઇ તથા કેટલાક વિસ્તારોમાં દિવેલા જેવા પાકોનું વાવેતર કરી દીધું છે. આ વાવેતર માટે દવા-બિયારણ તથા ખાતર પાછળ લાખો રૂપિયાનો ખર્ચ પણ કર્યો છે. જો કે તાલુકામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ ખેંચાતાં ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ભૂમિપુત્રોએ વાવેતર કરાયેલો મગફળીના પાકને હાલમાં પાણીની તાતી જરૂરીયાત છે. વાવેતર બાદ હાલ મગફળીના પાકમાં દાઢા ફુટવાનો સમય થયો છે, ત્યારે જો આ પાકને પાણી નહીં મળે તો ઉત્પાદન પર વિપરીત અસર થવાની ભીતિ સેવાઈ રહી છે ઉપરાંત અન્ય બીજા ચોમાસુ પાકોને પણ હાલમાં પાણીની જરૂરીયાત છે.

પરંતુ જરૂરીયાતના સમયે જ વરસાદ હાથતાળી આપી જતાં ખેડૂતોની હાલત કફોડી થઈ ગઈ છે. ખેડૂતો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. તેવામાં જો હજુ પણ આગામી દિવસોમાં વરસાદ ખેંચાશે તો ઉત્પાદન ક્ષેત્રે સહિત અનેક બાબતોમાં ખેડૂતોએ મોટુ આર્થિક નુકશાન સહન કરવું પડશે. ચાલુ વર્ષે ચોમાસાનો ધોરી મહિનો ચાલી રહ્યો છે ત્યારે અત્યાર સુધીમાં માત્ર સરેરાશ જીલ્લામાં ૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.



મોડાસા પંથકમાં લાંબા વિરામ બાદ વરસાદ વરસતા લોકોમાં રાહતની લાગણી ફેલાઈ હતી ચાતક નજરે રાહ જોઈ રહેલા ખેડૂતોમાં આનંદની લહેર પ્રસરી હતી અસહ્ય ગરમી અને બફારાના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈહતી લોકોએ વરસાદ ને મન ભરી ને મોજ માણી હતી.

# બાયડ તાલુકામાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો

બાયડ, તા. ૫

બાયડ તાલુકામાં બપોર બાદ અચાનક જ વાતાવરણમાં પલટો આવતા ગાજવીજ સાથે વરસાદ તૂટી પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોએ વરસાદ ન પડતા સુજલામ સુફલામ કેનાલમાંથી પાણી આપવા માંગ કરી હતી ત્યારે આજરોજ ધોધમાર વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી. બાયડ તાલુકામાં ભારે વિરામ બાદ આજરોજ બપોર પછી ધોધમાર વરસાદના આગમનને લઈ લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી. બાયડમાં નીચાણવાળા વિસ્તાર લાખેશ્વરી, ગીરીરાજ સોસાયટી, ઘનશ્યામ સોસાયટી, નારાયણનગર સોસાયટીમાં ધોધમાર વરસાદ પડતા પાણી ભરાઈ ગયા હતા.

